# M.B. COLLEGE OF COMMERCE & SHRI G.M.N. LALJI ARTS COLLEGE, DEHGAM

## અર્થશાસ્ત્ર વિભાગ

વિષય:-અર્થશાસ્ત્ર
પેપર:-૨૦૩
પેપર નામ:-આર્થિક વિકાસ અને આર્થિક પદ્ધતિઓ-૧


પ્રસ્તુત કર્તા
પ્રો. સુમિતભાઈ દંતાણી
M.A.,GSET

BA Semester-3. **અર્થશાસ્ત્ર વિભાગ**

**આર્થિક વિકાસ અને આર્થિક પદ્ધતિઓ-૧.** (**પેપર નં.:-૨૦૩**)

***અભ્યાસક્રમ.***

**યુનિટ:-૧:-**આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ નો અર્થ, નિર્દેશકો, આર્થિક વિકાસના નિર્દેશકો તરીકે
રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક અને ભૌતિક જીવનની ગુણવત્તા નો આંક(PQLI).

**યુનિટ:-૨:-**વિકાસની વ્યૂહરચના-સમતોલ વિકાસની વ્યૂહરચના, અસંતુલિત વિકાસની
વ્યુહરચના, મોટા ધક્કાની વ્યૂહરચના.

**યુનિટ:-૩:-**માનવ વિકાસનો ખ્યાલ-માનવ વિકાસ આંક (HDI), માનવ વિકાસ અહેવાલ (HRD),
માનવ વિકાસ ગરીબી આંક (HPI), HGI જેવા નિર્દેશકો.

**યુનિટ:-૪:-**વહીવટ, વહીવટ અને સંચાલન વચ્ચે તફાવત, જવાબદારી અને પારદર્શિતા.

# <u>યુનિટ:-૧:-</u>

→ આર્થિક વિકાસ અને આર્થિક વૃધ્દ્ધિ નો અર્થ, નિર્દેશકો,
→ આર્થિક વિકાસના નિર્દેશકો તરીકે રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક અને ભૌતિક જીવનની ગુણવત્તા નો આંક(PQLI).

## ☞ **વૃદ્ધિ અને વિકાસ નો ખ્યાલ**:-

- **આર્થિક વૃદ્ધિ નો ખ્યાલ (વ્યાખ્યાઓ):**

1. “આર્થિક વૃદ્ધિ એક એવી પ્રક્રિયા છે કે જેનાથી અગત્યનું સામાજિક, સંસ્થાકીય અને સંગઠનાત્મક પરિવર્તન ઉદભવે છે.” -----**પ્રો.ડી.બ્રાઈટ.**

2. “આર્થિક વૃદ્ધિ એ જનસંખ્યા અને બચતમાં થતા સામાન્ય વધારામાં થી ઉદભવે છે અને તેમાં ક્રમશઃ લાંબે ગાળે સ્થિરતા આવે છે” ------**પ્રો. શુમ્પીટર.**

3. “આર્થિક વૃદ્ધિનો સંબંધ વિકસિત દેશો સાથે હોય છે, જેમાં સાધનો સંબંધી પૂર્ણ જાણકારી હોય છે અને તેનો મોટાપાયે ઉપયોગ થાય છે”.

   -----**પ્રો. શ્રીમતી ઉર્સુલા હિક્સ**

4. “આર્થિક વૃદ્ધિ સ્વાભાવિક પ્રક્રિયા તરીકે દર્શાવે છે, જે મુક્ત અર્થવ્યવસ્થા દરમિયાન ઉદભવે છે”. -----**પ્રો. આલ્ફ્રેડ બોને.**

## 👉વૃધ્ધિ અને વિકાસ નો ખ્યાલ:-

- **આર્થિક વૃધ્ધિ નો ખ્યાલ (વ્યાખ્યાઓ):-**

5. "આર્થિક વૃધ્ધિ એટલે રાષ્ટ્રીય આવકનો વૃધ્ધિદર અથવા વસ્તુઓ અને સેવાઓ ના કુલ ઉત્પાદન પ્રમાણમાં થતો વધારો."

**------હેન્સન.**

6. "પ્રજાને વધુ ને વધુ વૈવિધ્યપૂર્ણ આર્થિક ચીજ વસ્તુઓ નો પુરવઠો પૂરો પાડવાની દેશની શક્તિ માં લાંબા ગાળા માટે થતો વધારો આર્થિક વૃધ્ધિ છે"

**------સાયમન કુઝનેટ્સ.**

## ☞વૃધ્ધિ અને વિકાસ નો ખ્યાલ:-

- **આર્થિક વિકાસનો ખ્યાલ (વ્યાખ્યાઓ):-**

1. "જ્યારે અર્થતંત્રની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા સમય ના ગાળા દરમિયાન વધારો થતો હોય ત્યારે તેને આર્થિક વિકાસની પ્રક્રિયા કહેવામાં આવે છે"

   **----મેયર અને બાલ્ડવિન..**

2. "આર્થિક વિકાસ એટલે ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન પદ્ધતિ માં એવા પરિવર્તનો આવવા જોઈએ કે જેથી વધતી કે સ્થિર વસ્તીવાળા દેશમાં માથાદીઠ આવકમાં ગર્ભિત રીતે સતત વૃધ્ધિ થયા કરે"

   **-------પ્રો.મેચલપ**

3. "આર્થિક વિકાસ એટલે એવી પ્રક્રિયા છે જેમાં કોઈ એક દેશ કે પ્રદેશના લોકો પ્રાપ્ય સાધનો નો એવી રીતે ઉપયોગ કરે છે કે જેના દ્વારા વસ્તુઓ અને સેવાઓ ના માથાદીઠ ઉત્પાદનમાં સતત વધારો થયા કરે છે."

   **-------પ્રો. વિલિયમસન.**

## ☞વૃધ્ધિ અને વિકાસ નો ખ્યાલ:-

- **આર્થિક વિકાસનો ખ્યાલ (વ્યાખ્યાઓ):-**

4. “આર્થિક વિકાસ એ એવી પ્રક્રિયા છે કે જે (૧) ગરીબી રેખા હેઠળના લોકોની સંખ્યામાં કોઇ વધારો થવા ન પામે (૨) આવકની વહેંચણી વધુ અસમાનતા ધારણ ન કરે તે શરતોને આધીન રહીને દેશ ની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા ગાળા સુધી વધારો જન્માવે છે.”

   **--------પ્રો. જી. એમ. મેયર.**

5. “આર્થિક વિકાસ એ સામાજિક માળખા, લોકોની મનોદશા અથવા વલણો અને રાષ્ટ્રીય સંસ્થાઓમાં મહત્વના ફેરફારો તેમ જ આર્થિક વૃધ્ધિની ગતિમાં વધારો, અસમાનતામાં ઘટાડો અને નિરપેક્ષ ગરીબી ની નાબૂદી ને સમાવી લેતી બહુ પરિમાણીય પ્રક્રિયા છે.”

   **------પ્રો. માઈકલ ટોડરો.**

- **વૃદ્ધિ અને વિકાસ વચ્ચે તફાવત**:-

**આર્થિક વૃદ્ધિ.**

1. આર્થિક વૃદ્ધિ એ રાષ્ટ્રીય આવકમાં થતાં પરિવર્તનો સૂચવે છે.
2. આર્થિક વૃદ્ધિ એ એક ઘટના કે પરિણામ છે.
3. આર્થિક વૃદ્ધિનો ખ્યાલ વિકસિત દેશો માટે પ્રયોજાય છે.

**આર્થિક વિકાસ.**

1. આર્થિક વિકાસ છે એવી પ્રક્રિયા છે કે જેનાથી અર્થવ્યવસ્થાની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળાની વૃદ્ધિ થાય છે.
2. આર્થિક વિકાસ એ એક પ્રક્રિયા છે.
3. આર્થિક વિકાસનો ખ્યાલ અલ્પવિકસિત દેશો માટે પ્રયોજાય છે.

- **વૃધ્દ્ધિ અને વિકાસ નો ખ્યાલ**:-

**<u>આર્થિક વૃધ્દ્ધિ.</u>**

4. તે રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકમાં જથ્થાની દ્રષ્ટિએ થતો વધારો સૂચવે છે,તે પરિમાણાત્મક માપ છે.
5. આર્થિક વૃધ્દ્ધિ ધીમા અને લાંબાગાળા ના ફેરફાર અથવા ટૂંકા ગાળાની અસર નું પરિણામ હોઈ શકે છે.

**<u>આર્થિક વિકાસ.</u>**

4. તે આર્થિક વૃધ્દ્ધિ ઉપરાંત ગુણાત્મક ફેરફારો સુચવે છે જેનાથી આર્થિક વૃધ્દ્ધિને પ્રક્રિયાને ચાલુ રાખી શકાય છે.
5. તે લાંબાગાળાની પ્રક્રિયા છે,પરંતુ વિકાસ દરમ્યાન આકસ્મિક અને ક્રાંતિકારી પરિવર્તનો કરવામાં આવે છે અને તેમની ગતિ ખૂબ ઝડપી હોય છે.

- **વૃધ્ધિ અને વિકાસ વચ્ચે તફાવત**:-

| **આર્થિક વૃધ્ધિ.** | **આર્થિક વિકાસ.** |
|---|---|
| 6. આર્થિક વૃધ્ધિ સ્વયં સંચાલિત હોય છે. | 6. આર્થિક વિકાસ એ સજાગ પ્રયત્નો, પ્રોત્સાહનોઅને નિયંત્રણો દ્વારા સક્રિય છે. |
| 7. આર્થિક વૃધ્ધિ માત્ર રાષ્ટ્રીય કે માથાદીઠ આવક ના વધારાનું સૂચન કરે છે. | 7. આર્થિક વિકાસ વાસ્તવિક રાષ્ટ્રીય આવકની વહેંચણી-અસમાનતાની પણ ચર્ચા કરે છે. |
| 8. આર્થિક વૃધ્ધિમાં જૂની સમતુલામાં સંભવિત ફેરફારો કરીને વપરાશી વસ્તુઓ નો જરૂરી પુરવઠો સર્જવામાં આવે છે. | 8. આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન જૂની સમતુલામાં ભંગાર પાડીને તેની જગ્યાએ નવી સંતુલન સ્થાપવામાં આવે છે. |

- **વૃધ્ધિ અને વિકાસ વચ્ચે તફાવત**:-

<u>**આર્થિક વૃધ્ધિ.**</u>

9. આર્થિક વૃધ્ધિ એ હયાત માળખામાં જ
   થતા પરિવર્તનો નો અભ્યાસ કરે છે.
10. આર્થિક વૃધ્ધિ એ આંશિક પરિવર્તન છે.
11. આર્થિક વૃધ્ધિ સ્વયંભૂ ઘટના છે.
12. આર્થિક વૃધ્ધિ એક સંકુચિત ખ્યાલ છે.

<u>**આર્થિક વિકાસ.**</u>

9. આર્થિક વિકાસમાં આર્થિક માળખામાં પરિવર્તન કરીને ઉત્પાદન વધારવામાં આવે છે.
10. આર્થિક વિકાસ એ આમુલ પરિવર્તન છે.
11. આર્થિક વિકાસ સભાન પ્રક્રિયા છે.
12. આર્થિક વિકાસ એક વ્યાપક ખ્યાલ છે.

- 👉**આર્થિક વિકાસના નિર્દેશકો** (**માપદંડ**):-

1. ***<u>રાષ્ટ્રીય આવકમાં વધારો:-</u>***

| દેશો. | રાષ્ટ્રીય આવક નો વાર્ષિક ટકાવારી વૃદ્ધિદર. (2014) |
|---|---|
| ભારત | 7.3 |
| પાકિસ્તાન | 4.7 |
| શ્રીલંકા | 4.5 |
| ચીન | 7.3 |
| નોર્વે | 0.2 |
| અમેરિકા | 0.4 |

- ***<u>મર્યાદાઓ:-</u>***

## 2. ***માથાદીઠ આવકમાં વધારો:-***

| દેશો. | માથાદીઠ આવક (2014) (ડોલરમાં) | વૃદ્ધિદર (ટકામાં) |
|---|---|---|
| ભારત | 5497 | 6.0 |
| પાકિસ્તાન | 4866 | 2.6 |
| ચીન | 12547 | 6.7 |
| શ્રીલંકા | 9779 | 3.5 |
| અમેરિકા | 52947 | 1.6 |
| નોર્વે | 64992 | 1.1 |

- ***મર્યાદાઓ :-***

## 3. જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો:-

### જીવનધોરણના નિર્દેશકો

| દેશો. | 2007માં માથાદીઠ આવક ડોલરમાં. | સરેરાશ આયુષ્ય વર્ષ | દૈનિક માથાદીઠ ગેલેરી ગ્રામ | દૈનિક સમાચાર-પત્ર | રેડિયો | મોબાઈલ | પર્સનલ કોમ્પ્યુટર | ઇન્ટરનેટ |
|---|---|---|---|---|---|---|---|---|
| ભારત | 950 | 65 | 2496 | 71 | 120 | 21 | 3 | 7.2 |
| પાકિસ્તાન | 870 | 65 | 2316 | 50 | 105 | 39 | - | 10.8 |
| બાંગ્લાદેશ | 470 | 64 | 2019 | 09 | 49 | 22 | 2 | 0.3 |
| અમેરિકા | 46040 | 77 | 3699 | 193 | 2109 | 85 | 81 | 73.5 |
| યુ.કે. | 42740 | 79 | 3276 | 290 | 1445 | 118 | 80 | 71.7 |
| જાપાન | 37670 | 83 | 2932 | 551 | 956 | 84 | - | 68.5 |

- →**જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical quality life index- PQLI):-**

→જીવનની ભૌતિક ગુણવત્તા આપવા માટે ત્રણ બાબતો દર્શાવાય છે,

1. શિક્ષણ
2. અપેક્ષિત આયુષ્ય
3. બાળમરણ દર

→જીવનની ભૌતિક ગુણવત્તાના આંકની માપની 0 થી 100 સુધીના અંક માં થાય છે.

→0 આંક અત્યંત ખરાબ સ્થિતિ સૂચવે છે જ્યારે 100 આંક સર્વોત્તમ કામગીરી દર્શાવે છે.

→આ આંક માં ઉપરની ત્રણ બાબતોને મિશ્રિત કરીને સરેરાશ તૈયાર કરવામાં આવે છે.

→આમ ,PQLI માં વધારો થાય તો તે દેશ આર્થિક વિકાસ સાધી રહ્યો છે તેમ કહેવાય.

→દા.ત.1960માં સ્વીડનમાં અપેક્ષિત આયુષ્ય 73 વર્ષ હતું તો તેને 100 આંક આપવામાં આવ્યો હતો જ્યારે અંગોલા દેશ નું વિશ્વનું સૌથી ઓછું આયુષ્ય 33 વર્ષ હતું તો તેને તે સમયે 1 આંક આપવામાં આવેલો હતો.

- ***બાળમરણ પ્રમાણ, સરેરાશ આયુષ્ય અને સાક્ષરતા ના ધોરણે ભૌતિક જીવનની ગુણવત્તાના આંકની સમજૂતી:-***

| દેશ | માથાદીઠ આવક (ડોલરમાં) | અપેક્ષિત આયુષ્ય (વર્ષ) | બાળમરણ પ્રમાણ (દર હજારે) | નિરક્ષરતાદર (ટકા) |
|---|---|---|---|---|
| કેનેડા | 21340 | 79 | 7 | - |
| ફ્રાંસ | 22690 | 79 | 6 | - |
| અમેરિકા | 34870 | 77 | 9 | - |
| ચીન | 890 | 70 | 39 | 16 |
| ભારત | 460 | 63 | 88 | 43 |
| પાકિસ્તાન | 420 | 63 | 110 | 57 |
| બાંગ્લાદેશ | 370 | 61 | 83 | 59 |
| શ્રીલંકા | 830 | 73 | 18 | 08 |

# યુનિટ:-૨:-વિકાસની વ્યૂહરચના

→ સમતોલ વિકાસની  વ્યૂહરચના,
→ અસંતુલિત વિકાસની વ્યુહરચના,
→ મોટા ધક્કાની વ્યૂહરચના.

# ***યુનિટ-2 :- વિકાસ ની વ્યૂહરચના***

## ☞ ***સમતોલ વિકાસ ની વ્યૂહરચના:-***

→વ્યૂહરચના નો અર્થ:-

"સામાન્ય રીતે અમુક હેતુઓ નિશ્ચિત સમયમાં સિધ્ધ કરવા માટે પ્રાપ્ય સાધનોને અમુક ચોક્કસ રીતે ગોઠવવામાં આવે તો તેને વ્યૂહરચના કહેવામાં આવે છે."

*સામાન્ય રીતે વિકાસની વ્યૂહરચનામાં નીચેની વ્યૂહરચનાઓ નો સમાવેશ થાય છે;

(૧) સમતોલ વિકાસની વ્યૂહરચના:-

(૨) અસમતોલ વિકાસની વ્યૂહરચના:-

(3) મોટા ધક્કા ની વ્યુહરચના:-

→સમતોલ વિકાસ નો અર્થ:-

"સમતોલ વિકાસ એટલે અર્થતંત્રના બધા જ ક્ષેત્રો અથવા બધા જ ઉધોગોમાં એક સાથે કરવામાં આવતું મૂડીરોકાણ."

*સમતોલ વિકાસની સર્વસ્વીકૃત વ્યાખ્યા મુજબ,

1. "અર્થતંત્રના વિવિધ વિભાગો નો એક સાથે અને સમરસ પૂર્વક વિકાસ, જેથી વિવિધ વિભાગોની પેદાશો માટે તૈયાર બજાર પ્રાપ્ત થઈ શકે."
2. "સમતોલ વિકાસ માટેનું આયોજન એ નિર્દેશ કરે છે કે, અર્થતંત્રના બધા જ ક્ષેત્રોનું એકસરખા પ્રમાણમાં વિસ્તરણ થશે, જેથી વપરાશ ,મૂડીરોકાણ અને આવકમાં એકસરખા દરે વધારો થાય."

->જર્મન અર્થશાસ્ત્રી ફ્રેડરિક લિસ્ટે 19 મી સદીમાં વિકાસની વ્યૂહરચનાની હિમાયત કરી હતી .જેમાં ખેતી, ઉધોગો, વેપાર તથા વિવિધ ઉધોગો વચ્ચેના સમતોલ વિકાસ પર ભાર મૂક્યો હતો.

->રોઝન સ્ટાઈન રોડાને સમતોલ વિકાસની વ્યૂહરચના ની તરફેણ કરી હતી.

**→સમતોલ વિકાસના સિધ્ધાંત અંગે નર્કસ ની રજૂઆત:-**


*નલ્કસ ના મત મુજબ વિકસતા દેશો ગરીબીના વિષચક્ર થી પીડાતા હોવાને કારણે આર્થિક વિકાસ કરવામાં અશક્તિમાન હોય છે.

*ગરીબી એ જ અલ્પ વિકસતા નું કારણ અને પરિણામ છે, તેથી જ "**કોઈ પણ દેશ ગરીબ છે કારણ કે તે ગરીબ છે.**"


*વિકસતા દેશોમાં ગરીબી નું વિષચક્ર માંગ અને પુરવઠો એમ બંને બાજુએ જોવા મળે છે.

(૧) ગરીબ નું વિષચક્ર:-માંગ પક્ષ:-


(મૂડીની માંગ બાજુ):-



(૨) ગરીબીનું વિષચક્ર:-પુરવઠા પક્ષ:- (મૂડી પુરવઠાની બાજુ)



## (૩) ગરીબી નું વિષચક્ર:-માંગ અને પુરવઠા ની સંયુક્ત અસર:-



**→સમતોલ વિકાસની વ્યૂહરચનાની તરફેણ દલીલો:-**

1. બાહ્ય કરકસરો:-
2. આંતરરાષ્ટ્રીય વિશિષ્ટીકરણ:-
3. આર્થિક વિકાસને વેગ આપવા:-
4. રાજ્ય ની ભૂમિકા:-

*રોઝન સ્ટાઈન રોડાન નો મત:-

*આર્થર લેવિસ ના વિચારો:-

**→સમતોલ વિકાસની વ્યૂહરચનાની વિરુધ્ધ ની દલીલો:-**

1. એકસાથે મૂડીરોકાણ અશક્ય:-
2. ઉત્પાદન ખર્ચમાં વધારો:-
3. અલ્પવિકસિત દેશને લાગુ ન પાડી શકાય:-
4. વિકાસ નો સિધ્ધાંત નથી:-
5. સાધન પુરવઠો બિન પ્રમાણસર:-
6. વિવિધ ઉધોગો એકબીજાના પૂરક:-
7. વ્યવહારમાં અમલમાં મુશ્કેલી:-
8. રાજ્યના નિયમન અને સંકલન પર આધાર:-
9. ઐતિહાસિક સમર્થન નથી:-

## ☞ ***<u>અસમતોલ વિકાસની વ્યુહરચના</u>*** **:-** (હર્ષમેનનો અસંતુલિત વિકાસ નો સિધ્ધાંત):-

**→અસમતોલ વિકાસ નો અર્થ**:-

અસમતોલ વિકાસની વ્યૂહરચના પ્રમાણે "અર્થતંત્રના તમામ ક્ષેત્રોનો એક સાથે વિકાસ કરવાને બદલે કેટલાક પસંદ કરેલા અથવા આવશ્યક અને મૂળભૂત ક્ષેત્રોનો વિકાસ કરવો જોઈએ."

-> હર્ષમેનના મત મુજબ "પૂર્વ નિર્ધારિત વ્યૂહરચના મુજબ અર્થવ્યવસ્થામાં ઇરાદાપૂર્વક નું અસંતુલન ઊભું કરવું એ આર્થિક વિકાસ સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે."

->અસમતોલ વિકાસની વ્યૂહરચનાના હિમાયતી તરીકે હર્ષમેન,સિંગર, કિંડલબર્જર, ફ્લેમિંગ વગેરે મુખ્ય છે. પરંતુ અસમતોલ આર્થિક વિકાસના ખાસ હિમાયતી તરીકે હર્ષમેન નું નામ મોખરે છે.


**→વિકાસની પ્રક્રિયા દરમિયાન મૂડીરોકાણના પ્રકારો:-**

(૧) સામાજિક-આર્થિક મૂડીરોકાણ (investment in social overhead capital

**[SOC]** →ઊર્જાશક્તિ,વાહન વ્યવહાર,પાણી પુરવઠો,શિક્ષણ,આરોગ્ય વગેરે

(૨) સીધું ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ (investment in direct production activities)

**[DPA]** →સિધુ વસ્તુનું ઉત્પાદન.



**→ઉદ્યોગો વચ્ચે આંતર સંબંધો ની અસરો:-**

1. અગ્રગામી સંબંધો:- અગ્રગામી સંબંધોએ ઉત્પાદનના આગળ ના તબક્કાઓ માં મૂડી રોકાણને પ્રોત્સાહન પૂરું પાડે છે.જેમકે,
   કપાસ → કાપડ ઉદ્યોગ → તૈયાર પેન્ટ-શર્ટ....
2. પાશ્ર્વાતગામી સંબંધો:- આ ઉત્પાદનના શરૂઆતના તબક્કામાં મૂડીરોકાણને પ્રોત્સાહન પૂરું પાડે છે.જેમકે,
   મીઠાઈ ની સામગ્રી → ખાંડ ઉદ્યોગ → શેરડીનું ઉત્પાદન..........

**→અસમતોલ વિકાસ ની વ્યુહરચના માટેના અન્ય પગલા:-**

**→અસમતોલ વિકાસ ની વ્યુહરચના ની મર્યાદાઓ:-**

1. સાધનો નો દુર્વ્યય:-
2. અપૂર્ણ વ્યાખ્યા:-
3. ફુગાવાની સંભાવના:-
4. આંતર સંબંધો ની નબળી અસરો:-
5. ગ્રાહકોની દ્રષ્ટિએ અયોગ્ય:-
6. સાધન પુરવઠાની અછત:-
7. મૂડીરોકાણ પર વિશેષ ભાર:-

## ☞ ***મોટા ધક્કા ની રચના*** ***(big push strategy) :-***

(રોડાન નો પ્રારંભિક શક્તિશાળી પ્રયાસ નો સિધ્ધાંત)

→**પ્રસ્તાવના:-**

પ્રો. રોડાનનો પ્રારંભિક શક્તિશાળી પ્રયાસ નો સિધ્ધાંત અલ્પવિકસિત દેશો માં વિકાસના અવરોધો દૂર કરીને અર્થતંત્ર ને સ્વયંગામી વિકાસના માર્ગ પર મુકવાનો છે. જો અલ્પ વિકસિત દેશોએ "ગરીબીના વિષચક્ર" ને તોડવું હોય તો સૌપ્રથમ માથાદીઠ આવકમાં ઝડપી વધારો કરવો જોઈએ.

*પ્રો.રોડાનના મતે, "સ્વતંત્ર અને નાના પ્રયત્નો આર્થિક વૃધ્ધિ પર પૂરતી અસર પહોંચાડી શકતા નથી."

*આથી, અલ્પવિકસિત દેશો માં વિકાસ માટે શરૂઆતમાં મૂડીરોકાણનો જોરદાર ધક્કો લગાવવો જોઈએ.

*પ્રો. રોડાનના આ વિચારો "problems of industrialisation of Eastern and southern Europe-1943" માં પ્રકાશિત થયેલા જોવા મળે છે.

**→અર્થતંત્રની અવિભાજ્યતાઓ:-**

1. સામાજિક - આર્થિક મૂડીરોકાણથી અવિભાજ્યતા:-
2. માંગ ની અવિભાજ્યતા:-
3. બચતના પુરવઠા સંબંધી અવિભાજ્યતા:-
4. મનોવૈજ્ઞાનિક અવિભાજ્યતા:-

**→અવિભાજ્યતા અને બાહ્ય કરકસર ના લાભો:-**

->એક ઉધોગમાં મૂડી રોકાણ કરવામાં આવી તો તેનું ઉત્પાદન વધારે થશે, આથી બીજા ઉધોગને કે ઉત્પાદન નો કાચો માલ સસ્તી કિંમતમાં મળશે. ઉપરાંત પ્રથમ ઉધોગની વસ્તુઓની માગમાં પણ વધારો થશે. અને પ્રથમ ઉધોગના નફા પણ વધારો થશે. આમ, આ રીતે જોતા ભાવ માળખું બાહ્ય કરકસરના લાભ અપાવવા મહત્વનું કામ કરે છે.અને બાહ્ય કરકસરનો સૌથી મોટો લાભ એ થશે કે બજારનું વિસ્તરણ થશે.

**→રાજ્ય નો ફાળો:-**

->ખાનગી ક્ષેત્ર માત્ર જ્યાં નફો વધુ મળે ત્યાં જ મૂડી રોકાણ કરે છે, પરંતુ સામાજિક ક્ષેત્રે મૂડીરોકાણ કરવા માટે સરકાર ની જરૂર પડે છે.

**→સિધ્ધાંત ની મર્યાદાઓ:-**

1. અપૂરતાં સાધનો:-
2. વહીવટ અને અમલ અંગેની મુશ્કેલીઓ:-
3. કૃષિ ક્ષેત્ર ની અવગણના:-
4. ફુગાવા તરફ વલણોનો ભય:-
5. અવિભાજ્યતા પર વધુ પડતો ભાર:-
6. ટેકનોલોજી તરફ ઓછું ધ્યાન:-
7. ઐતિહાસિક સમર્થન મળતું નથી:-
8. મિશ્ર અર્થતંત્ર માં મુશ્કેલી:-
9. નાના પાયા પરનું મૂડીરોકાણ ઉપયોગી:-

# <u>યુનિટ:-૩:-માનવ વિકાસનો ખ્યાલ</u>

→માનવ વિકાસ આંક (HDI),
→ માનવ વિકાસ અહેવાલ (HRD),
→માનવ વિકાસ ગરીબી આંક (HPI),
→HGI જેવા નિર્દેશકો.

## ***યુનિટ :-3 માનવ વિકાસ*** **(Human development):-**

### ☞ માનવ વિકાસ આંક (Human Development Index-HDI):-

### →માનવ વિકાસ આંક નો ખ્યાલ:-

માનવ વિકાસ આંક -1990થી યુનાઇટેડ નેશન્સ તેના ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (UNDP) હેઠળ માનવ વિકાસ અંગેનું સાહિત્ય તૈયાર કરીને પ્રગટ કરે છે.

- દર વર્ષે તે હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ (HDR) પ્રકાશિત કરે છે.
- UNDP એ આર્થિક વિકાસના નિર્દેશક તરીકે HDI તૈયાર કર્યો છે.
- 1996 નાં HDR મા શરૂઆતમાં "આર્થિક વિકાસ સાધન છે જ્યારે માનવ વિકાસ એ ધ્યેય છે."

- તાજેતર ના સમયમાં આર્થિક વિકાસને બદલે માનવ વિકાસ પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે તે માટે નીચેના કારણો આપી શકાય;

1. માનવ વિકાસ થાય તો માનવીની ગુણવત્તા વધે, જે ઊંચી ઉત્પાદકતામાં પરિણમશે.
2. માનવ વિકાસ જન્મ દર નીચો લાવીને નાના કુટુંબના ખ્યાલને પ્રોત્સાહિત કરશે તેવો વિશ્વના દેશો નો અનુભવ છે.
3. માનવવિકાસ સમગ્રતયા સુખી, શાંત અને સમૃધ્ધ સમાજ રચના માં ઉપયોગી થશે.
4. માનવ વિકાસ એ ધ્યેય છે. જ્યારે આર્થિક વિકાસ એ આ ધ્યેય માટેનું સાધન છે. આ સાધન છેવટે વર્તમાન અને ભવિષ્યમાં પ્રજાની સુખાકારી માં સુધારો કરવા માંગે છે.

- મહેબૂબ-ઉલ-હક ના મત મુજબ, “આર્થિક વિકાસમાં માત્ર એક પસંદગી પર ભાર મૂકવામાં આવે છે, જ્યારે માનવ વિકાસમાં માનવીની આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક એમ તમામ પ્રકારની પસંદગીઓ નો સમાવેશ કરવામાં આવે છે.”

- માનવ વિકાસ વિના આર્થિક વિકાસ ટાળવા જેવો છે.

1. રોજગારી વિના નો વિકાસ:-
2. નિર્દય વિકાસ:-
3. અવાજ વિના નો વિકાસ:-
4. ભવિષ્ય વિના નો વિકાસ:-
5. મૂળિયા વિના નો વિકાસ:-

## →માનવ વિકાસની વ્યાખ્યા:-

- HDR માનવ વિકાસની વ્યાખ્યા આપતા જણાવે છે કે-

“મનુષ્યની પસંદગીઓને વિસ્તૃત કરતી પ્રક્રિયા એટલે માનવ વિકાસ.”

“મનુષ્યની વિશાળ પસંદગીઓ તેમની શક્તિઓ અને કામ કરવાની ક્ષમતામાં વધારો કરીને મેળવી શકાય.”

“આર્થિક વિકાસ એ સાધન છે જ, યારે માનવ વિકાસ એ ધ્યેય છે”

---**માનવ વિકાસ અહેવાલ.**

- હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટમાં જણાવ્યા મુજબ-

“મનુષ્યની પસંદગીઓને વિસ્તૃત કરતી અને તેની સાથે પ્રાપ્ત થયેલી કલ્યાણ ની સપાટી ને વધુ ઊંચે લઈ જતી પ્રક્રિયા એટલે માનવ વિકાસ.”

## →<u>માનવ વિકાસ આંક ના ઘટકો:-</u>

1. અપેક્ષિત આયુષ્ય:-
2. સાક્ષરતાનું પ્રમાણ:-
3. જીવનધોરણ:-

## →<u>માનવ વિકાસ આંક ની રચના (HDI):-</u>

- અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતાનું પ્રમાણ અને સારું જીવન ધોરણ આ ત્રણ માપદંડોને આધારે માનવ વિકાસ આંક નું મૂલ્ય 1 (એક) ગણાય છે.
- HDI નું મૂલ્ય 0 (શૂન્ય)થી 1 ની વચ્ચે હોય છે.
- (શૂન્ય)0 એટલે લઘુત્તમ માનવવિકાસની સ્થિતિ અને 1 (એક) એટલે મહત્તમ માનવવિકાસની સ્થિતિ.
- જે દેશનો HDI આંક 1 (એક) થી નજીક છે તે દેશ વિકસિત ગણાય અને જે દેશનો HDI આંક મૂલ્ય 1 (એક) થી દુર કે 0 (શૂન્ય) ની નજીક તે દેશ ઓછો વિકસિત ગણાય છે.

## →ભારતનો માનવવિકાસ આંક (HDI):-

| વર્ષ | માનવ વિકાસ આંક | ક્રમ |
|---|---|---|
| 1990 | 0.309 | 134 |
| 1992 | 0.439 | 134 |
| 1993 | 0.436 | 135 |
| 1994 | 0.446 | 138 |
| 1995 | 0.453 | 139 |
| 1997 | 0.545 | 132 |
| 1998 | 0.563 | 128 |
| 1999 | 0.571 | 115 |
| 2000 | 0.577 | 124 |
| 2001 | 0.590 | 127 |
| 2002 | 0.595 | 127 |
| 2003 | 0.602 | 127 |
| 2004 | 0.611 | 126 |
| 2005 | 0.619 | 128 |
| 2007 | 0.612 | 134 |

## →માનવ વિકાસ આંક ની તુલના પસંદગીના દેશો સાથે:-

| | HDI 2014 માં | | | | HDI 1980 માં. | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દેશો | અપેક્ષિત આયુષ્ય | અભ્યાસના અપેક્ષિત વર્ષો | માથાદીઠ આવક | મૂલ્ય | અપેક્ષિત આયુષ્ય | અભ્યાસના અપેક્ષિત વર્ષો | માથાદીઠ આવક | મૂલ્ય |
| રશિયન ફેડરેશન | 70.1 | 14.7 | 22352 | 0.798 | 67.3 | 12.2 | - | - |
| શ્રીલંકા | 74.9 | 13.7 | 9779 | 0.757 | 68.2 | 10.0 | 2562 | 0.571 |
| બ્રાઝિલ | 74.5 | 15.2 | 15175 | 0.755 | 62.0 | 9.9 | 10457 | 0.547 |
| ચીન | 75.8 | 13.1 | 12597 | 0.727 | 66.5 | 8.4 | - | 0.430 |
| સાઉથ આફ્રિકા | 57.4 | 13.6 | 12122 | 0.666 | 56.9 | 11.1 | 9756 | 0.569 |
| ભારત | 68.0 | 11.7 | 5497 | 0.609 | 53.9 | 6.4 | 1255 | 0.362 |
| બાંગ્લાદેશ | 71.6 | 10.0 | 3191 | 0.570 | 53.9 | 4.9 | 1148 | 0.338 |
| પાકિસ્તાન | 66.2 | 7.8 | 4866 | 0.538 | 57.0 | 3..7 | 2437 | 0.303 |

**Economic survey 2015-16**

## →2015 નો માનવ વિકાસ આંક અને વિશ્વના દેશો:-

| દેશો | મૂલ્ય | ક્રમ | માથાદીઠ આવક | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય | અભ્યાસના અપેક્ષિત વર્ષો |
|---|---|---|---|---|---|
| | HDI-2014 | | | | |
| નોર્વે | 0.944 | 1 | 64992 | 81.6 | 17.5 |
| જર્મની | 0.916 | 6 | 52947 | 80.9 | 16.5 |
| અમેરિકા | 0.915 | 8 | 52947 | 79.1 | 16.5 |
| યુ.કે. | 0.907 | 14 | 39267 | 80.7 | 16.2 |
| રશિયન ફેડરેશન | 0.798 | 50 | 22352 | 70.1 | 14.7 |
| મલેશિયા | 0.779 | 62 | 22762 | 74.4 | 12.7 |
| શ્રીલંકા | 0.757 | 73 | 9779 | 74.9 | 13.7 |
| ભારત | 0.609 | 130 | 5497 | 68.0 | 11.7 |
| બાંગ્લાદેશ | 0.570 | 142 | 3191 | 71.6 | 10.0 |
| પાકિસ્તાન | 0.538 | 147 | 4866 | 66.2 | 7.8 |
| ચીન | 0.727 | 90 | 12547 | 75.8 | 13.1 |
| નાઇઝર | 0.398 | 188 | 908 | 61.4 | 5.4 |

**HDR 2015 economic survey 2015-16**

**→<u>માનવ વિકાસ આંક નું મહત્વ:-</u>**

1. માનવ વિકાસ આંક માં આર્થિક માપદંડ સાથે સામાજિક, શિક્ષણ, આરોગ્ય જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
2. માનવ વિકાસ આંક માં આર્થિક વિકાસ એક સાધન છે જેનો મુખ્ય ઉદેશ્ય માનવ કલ્યાણનો છે.
3. માનવ વિકાસ આંક વિધ્યાત્મક છે.એટલે કે HDI માં વધારો થાય તો શિક્ષણ, આરોગ્ય ની સ્થિતિમાં સુધારો થયો છે. તેથી HDI વિશેષ ઉપયોગી થાય છે.
4. માનવ વિકાસ આંક વિકસતા દેશો ને વિકાસની શક્યતા દર્શાવે છે. સરકારને વિશેષ કયા ક્ષેત્રમાં કામગીરી કરવાની છે તેનો નિર્દેશ કરે છે.
5. નિમ્ન માનવવિકાસ ધરાવતા દેશોમાં માનવ વિકાસ આંક ઝડપથી ઊંચો જતો જણાય છે.જે દર્શાવે છે કે માનવ વિકાસની દ્રષ્ટિએ વિશ્વના દેશોમાં અસમાનતા ઘટી રહી છે.

☞ ***માનવ ગરીબી આંક (HPI):-*** **(human poverty index)**

→ **<u>માનવ ગરીબી નિર્દેશક (HPI):-</u>**

વિકાસમાન અને વિકસિત બંને પ્રકારના દેશો નાં HPI ને અલગ પાડવા માટે વિકાસમાન દેશોના માનવ ગરીબી નિર્દેશકને HPI-1 તરીકે જ્યારે વિકસિત દેશોના માનવ ગરીબી નિર્દેશકને HPI-2 તરીકે દર્શાવવામાં આવે છે.

**<u>(A) માનવ ગરીબી નિર્દેશક (HPI-1):-</u>**

- **માનવ વિકાસ આંક (HPI-1) તૈયાર કરતી વખતે નીચેની બાબતો નો સમાવેશ કરાયો છે;**

1. જે લોકો 40 વર્ષ સુધીમાં મરણ પામે છે તેની ટકાવારી.
2. પુખ્ત વયના લોકોમાં નિરક્ષરતાની ટકાવારી.
3. ખાનગી અને જાહેર ક્ષેત્ર દ્વારા મળતી આર્થિક સગવડતાઓ થી વંચિત રહી જતી વસ્તીની ટકાવારી. તેમાં બીજી બાબતો ની ટકાવારી નો સમાવેશ કરાયો છે.

   (અ) પીવાના સ્વચ્છ પાણી અને આરોગ્યની સેવાથી વંચિત રહેતા લોકોની ટકાવારી.

   (બ) પાંચ વર્ષ ની વયની નીચેના બાળકો માં ઓછું વજન ધરાવતા બાળકોની ટકાવારી.

- ટૂંકમાં HDI અને HPI-1 વચ્ચે નીચે મુજબ તફાવત છે;
  HDI સમગ્ર સમાજ કે દેશની પ્રગતિનું માપ રજૂ કરે છે. જ્યારે HPI-1 સમાજના કેટલા લોકો પ્રગતિ નાં ફળો થી વંચિત રહે છે, તેનું માપ રજૂ કરે છે.
- વિકાસમાન દેશો માટેનો HPI , 1995 ના વર્ષ માટે 77 દેશ ના સંદર્ભ માં આપવામાં આવ્યો હતો. નું મૂલ્ય ટકાવારીમાં દર્શાવ્યું છે. જે કુલ વસ્તીમાં કેટલા ટકા વસ્તી ગરીબ છે તે દર્શાવે છે. ભારતમાં 35.9 ટકા, એનો અર્થ એ થાય કે ભારતની 36 ટકા વસ્તી વિકાસના લાભથી વંચિત છે. 77 દેશોમાં HPI-1 ની દૃષ્ટિએ ભારતનો ક્રમ 47 મો હતો. તેનો અર્થ એ થાય કે 77 દેશોમાં ભારત થી ઓછા 45 દેશો ગરીબ છે. HPI-1 ની દ્રષ્ટિએ પ્રથમ ક્રમમાં (સૌથી ઓછો ગરીબ દેશ) 3.3 ટકા મૂલ્ય સાથે ત્રિનિદાદ અને ટોબેગો છે, જ્યારે સૌથી વધુ ગરીબ દેશ 62.1 ટકા મૂલ્ય સાથે નાઇઝર  છે. જ્યાં 62.1 ટકા વસ્તી ગરીબ છે, જયારે ત્રિનિદાદ અને ટટોબેગોમાં માત્ર 3.3 ટકા વસ્તી ગરીબ છે.

- **<u>(B) માનવ ગરીબી નિર્દેશક (HPI-2):-</u>**
  વિકસતા દેશો માટે માનવ ગરીબી નિર્દેશક HPI-1 તરીકે જ્યારે વિકસિત દેશોના માનવ ગરીબી નિર્દેશકની HPI-2 તરીકે ઓળખવામાં આવે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે;

1. જે લોકો 60 વર્ષ સુધીમાં મરણ પામે છે તેની ટકાવારી.
2. પુખ્ત વયના લોકોમાં નિરક્ષરતાની ટકાવારી.
3. સારૂં જીવનધોરણ જીવતા લોકોની ટકાવારી.

- 17 ઔધોગિક દેશોના સંદર્ભમાં HPI-2 રજૂ કરવામાં આવ્યો છે. તે મુજબ 6.8 ટકા મૂલ્ય સાથે સ્વીડન પ્રથમ ક્રમ આવે છે જ્યારે છેલ્લા 17 માં ક્રમે 16.5 ટકા મૂલ્ય સાથે અમેરિકા આવે છે, અમેરિકાની 16.5 ટકા વસ્તી HPI-2 મુજબ ગરીબ છે.

→**<u>જાતિ સંબંધીત વિકાસ આંક</u> (Gender development index-GDI):-**

1995 ના માનવ વિકાસ અંગેના અહેવાલ માં આર્થિક વિકાસની એક અલગ માપદંડ તરીકે રજૂઆત કરવામાં આવી છે, જેને જાતિ સંબંધિત વિકાસ આંક તરીકે ઓળખવામાં આવે છે.

- જાતિ સંબંધિત આંક (GDI) તૈયાર કરવા માટે ત્રણ પરિબળો ધ્યાનમાં લેવાય છે.

1. સરેરાશ આયુષ્ય.
2. શિક્ષણનું પ્રમાણ.
3. સરેરાશ આવક.

- આ ઉપરાંત આ આંક તૈયાર કરવામાં સ્ત્રી-પુરુષ તફાવતને ધ્યાનમાં લેવાય છે.

- જાતિ સંબંધિત વિકાસ આંક 2007 માં 15 દેશોનો તૈયાર કરાયો હતો જે નીચે મજબ છે.

| દેશો | મૂલ્ય | ક્રમ 2007 |
|---|---|---|
| ભારત | 0.594 | 114 |
| કેનેડા | 0.959 | 4 |
| નોર્વે | 0.961 | 2 |
| ઓસ્ટ્રેલિયા | 0.966 | 1 |
| અમેરિકા | 0.942 | 19 |
| સ્વીડન | 0.956 | 5 |
| જાપાન | 0.945 | 14 |
| યુ.કે. | 0.943 | 17 |
| ફિનલેન્ડ | 0.954 | 8 |
| ડેન્માર્ક | 0.947 | 12 |
| શ્રીલંકા | 0.756 | 83 |
| ચીન | 0.770 | 75 |
| પાકિસ્તાન | 0.532 | 124 |
| બાંગ્લાદેશ | 0.536 | 123 |
| નાઇજીરીયા | 0.419 | 134 |

→**<u>જાતિ સંબંધિત શક્તિ નો માપદંડ</u> (Gender empowerment measure-GEM):-**

આ નિર્દેશક જાતિ અસમાનતા અંગે રજૂઆત કરે છે, તેના માપદંડો નીચે મુજબ છે.

1. રાજકીય દ્રષ્ટિએ રાજકારણમાં ભાગ લેવો, નિર્ણય કરવા વગેરેની દ્રષ્ટિએ સ્ત્રી-પુરુષની સરખામણીએ સ્ત્રીઓ નો ટકાવારી હિસ્સો.
2. ધારાકીય રીતે સિનિયર ઓફિસર, મેનેજર તરીકે ધંધાદારી અને ટેકનિકલ કક્ષાએ પુરુષોની તુલનાએ સ્ત્રીઓનો હિસ્સો.
3. આર્થિક દ્રષ્ટિએ સ્ત્રી-પુરુષની કમાણીનો આવકનો હિસ્સો.

## GEM-2007

| દેશો | મૂલ્ય | ક્રમ |
|---|---|---|
| ભારત | - | - |
| કેનેડા | 0.830 | 12 |
| નોર્વે | 0.906 | 2 |
| ઓસ્ટ્રેલિયા | 0.870 | 7 |
| અમેરિકા | 0.767 | 18 |
| સ્વીડન | 0.909 | 1 |
| જાપાન | 0.567 | 57 |
| યુ.કે. | 0.790 | 15 |
| ફિનલેન્ડ | 0.902 | 3 |
| ડેન્માર્ક | 0.389 | 98 |
| શ્રીલંકા | 0.389 | 98 |
| ચીન | 0.533 | 72 |
| પાકિસ્તાન | 0.386 | 99 |
| બાંગ્લાદેશ | 0.264 | 108 |
| નાઇજીરીયા | 0.198 | 98 |

# **યુનિટ:-૪:-**

→ વહીવટ,
→ વહીવટ અને સંચાલન વચ્ચે તફાવત,
→ જવાબદારી અને પારદર્શિતા.

## ***યુનિટ:-૪:-વહીવટ અને સંચાલન:-***

- **વહીવટ (Administration):-**

→વહીવટ નો અર્થ:-

"વહીવટ એટલે કોઈ પણ સામાજિક સંસ્થા, ધાર્મિક સંસ્થા , રાજકીય સંસ્થા કે શૈક્ષણિક સંસ્થા નું નિયમન અને તેના ધ્યેયો અનુસાર કાર્યો પાર પાડવાની પ્રક્રિયા."

→વહીવટના ખ્યાલ ની સમજૂતી:-

વહીવટનો ખ્યાલ રાજકીય સંસ્થા સાથે સંકળાયેલ છે.નક્કી કરેલા રાજકીય કે બિનરાજકીય થયો સરકાર દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. સરકારના ત્રણ અંગો છે: કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર. દરેક જવાબદારીઓ માટે જે કામગીરી બજાવી છે તેને વહીવટ કહેવાય છે.

- **સંચાલન (Management):-**

→સંચાલનની વ્યાખ્યા:-

1. જ્યોર્જ ટેરી ના મતે : "સંચાલન એ એક એવી પ્રવૃત્તિ છે જે માણસો, સાધનો, યંત્રો, પધ્ધતિઓ, નાણાં અને બજારના તત્વોનું આયોજન કરે છે.તેના પર અંકુશ રાખે છે.એકમના નિશ્ચિત ધ્યેયોને સિધ્ધ કરવાની દૃષ્ટિએ માનવ સમૂહ પ્રયત્નોને અસરકારક નેતાગીરી, સંકલન અને માર્ગદર્શન આપે છે."
2. હેનરી ફેયોલના મતે : "સંચાલન એટલે પૂર્વાનુમાન અને આયોજન કરવું, વ્યવસ્થા તંત્રની રચના કરવી, આદેશો આપવા, સંકલન સાધવું અને અંકુશ રાખવો."

→સંચાલનના ખ્યાલ ની સમજૂતી:-

ઉપલબ્ધ સાધનો અને સગવડો નો શ્રેષ્ઠ ઉપયોગ કરીને ઓછામાં ઓછા સમય અને નાણાંનાં ઓછામાં ઓછા બગાડ દ્વારા નિર્ધારિત ધ્યેય ને શ્રેષ્ઠ નીતિ સિધ્ધ કરવા માટે આયોજન કરવું, હુકમો અને દોરવણી આપવી, સંકલન કરવું અને જરૂરી અંકુશ રાખવો એટલે સંચાલન.

→સંચાલનનુ મહત્વ:-

1. કાર્યદક્ષ સંચાલન વગર સાહસ લાંબો સમય ટકી શકે નહીં:-
2. માનવીય પ્રવૃત્તિમાં સંચાલન થી વધારે ચઢિયાતું કોઈ જ ક્ષેત્ર નથી:-
3. યોગ્ય સંચાલન નીતિ આપવાથી ઉત્પાદન અને ઉત્પાદકતા માં નોંધપાત્ર વધારો કરી શકાય છે:-
4. નિશ્ચિત ધ્યેયની સફળતા માટે સંચાલન જીવન પ્રેરક બળ સમાન છે:-
5. કાર્યક્ષમતા માપવાનું સાધન સંચાલન છે:-
6. માનવ સંસ્કૃતિના ઉદ્ભવ અને વિકાસમાં પણ સંચાલનનું પ્રદાન નોંધપાત્ર છે:-
7. અનેક દેશોમાં ઊંચું જીવન ધોરણ સર્જનાર ચાવીરૂપ પરિબળ એ સંચાલન છે:-

## → વહીવટ અને સંચાલન વચ્ચેનો તફાવત:-

1. વહીવટ શબ્દ નો અર્થ લેટિન ભાષામાં Ad અને Ministair પરથી બનેલો છે. તેનો અર્થ સેવા કરવી,કાર્યો પાર પાડવા કે તેનું સંચાલન કરવું તેવો કહી શકાય છે.
2. વહીવટી નો ખ્યાલ બિન આર્થિક છે. વહીવટમાં કોઈપણ સામાજીક સંસ્થા,ધાર્મિક સંસ્થા, રાજકીય સંસ્થા કે શૈક્ષણિક સંસ્થા નું નિયમન અને તેના ધ્યેયો અનુસાર કાર્યો પાર પાડવાની પ્રક્રિયા છે.

1. સંચાલન એ એક એવી પ્રવૃત્તિ છે કે જે માણસો, સાધનો, યંત્રો, પધ્ધતિઓ, નાણાં અને બજારના તત્વોનું સંયોજન કરે છે. આમ, સંચાલનમાં માનવ જૂથના હેતુઓ અને ધ્યેયો નક્કી કરવામાં આવે છે અને તેને અસરકારક બનાવવામાં આવે છે.
2. સંચાલન નો ખ્યાલ આર્થિક બાબતો સાથે સંકળાયેલો છે.ઉપલબ્ધ સાધનો અને સગવડો નો શ્રેષ્ઠ ઉપયોગ કરીને ઓછામાં ઓછા સમય અને નાણાં નાં ઓછામાં ઓછા વગાડ દ્વારા નિર્ધારિત ધ્યેય ને શ્રેષ્ઠ રીતે સિધ્ધ કરવા માટેનું આયોજન કરવું, હુકમો, દોરવણી અને અંકુશ રાખવો એટલે સંચાલન.

## →વહીવટ અને સંચાલન વચ્ચેનો તફાવત:-

3. વહીવટનો ખ્યાલ મુખ્યત્વે સામાજિક ધાર્મિકક, શૈક્ષણિક કે રાજકીય સંસ્થા ઓ સાથ સંકળાયેલલ છે. જેમાં નક્કી કરાયેલા ધ્યેયોને સિધ્ધ કરવાના હોય છે. જેમાં નફાનો કે આ પ્રાપ્તિનો ધ્યેય નથી. જેમાં પ્રજાના કલ્યાણનો મૂળભૂત ધ્યેય હોય છે.એટલું જ નહીંકિટલીકવાર ખોટ સહન કરવી પડતી હોય તો પણ લોકોની સેવા ની પ્રાથમિકતા ને કારણે તેનો વહીવટ ચાલુ રખાય છે.

4. વહીવટના ખ્યાલમાં અગાઉની સરખામણીમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. રાજ્યનો વહીવટ કાયદો-વ્યવસ્થા પૂરતા પહેલા મર્યાદિત હતો, જ્યારે આજે વહીવટના ખ્યાલમાં પરિવર્તન આવતાં કલ્યાણ રાજ્ય નો આદર્શ સ્વીકાર્યો છે.આમ, રાજ્ય નું કાર્યક્ષેત્ર વિસ્તૃત બન્યું છે.

3. સંચાલન નો હેતુ નફાના હેતુથી થતી પ્રવૃત્તિઓ જેમકે વેપારી એકમો, પેઢીઓ સાથે સંકળાયેલો છે.જેમાં ઉપલબ્ધ સાધનો અને સગવડો નો શ્રેષ્ઠ ઉપયોગ કરીને નિર્ધારિત ધ્યેયને સિધ્ધ કરવા માટે આયોજન કરવું, હુકમો અને દોરવણી આપવી, સંકલન કરવું અને જરૂરી અંકુશ મૂકવામાં આવે છે.

4. સંચાલન એ સર્વ વ્યાપી અને સાર્વત્રિક પ્રવૃત્તિ હોવા છતાં તેનું કાર્યક્ષેત્ર માનવજાતને લગતી પ્રવૃત્તિ પૂરતું સીમિત છે. સંચાલન માનવી માટે માનવી દ્વારા થાય છે. સંચાલન પ્રક્રિયામાં નિર્ણય પ્રક્રિયા મહત્વનું સ્થાન ધરાવે છે. ધ્યેય સિધ્ધ અર્થે સંચાલનનું કાર્ય કરતા સંચાલકે સતત નિર્ણયો લેવા પડે છે.

## → વહીવટ અને સંચાલન વચ્ચેનો તફાવત:-

5. વહીવટની સફળતા માપવા માટે જવાબદારી અને પારદર્શકતા જેવા માપદંડો છે. વહીવટ દ્વારા સમાજની જવાબદારી કેટલે અંશે પૂર્ણ થઈ છે, તેમાં પારદર્શકતા કેટલા પ્રમાણમાં છે તે બાબત અગત્યની છે.

5. સંચાલન અને સફળતા માટે સાધન સંયોજન ઈષ્ટતમ છે? ઉત્પાદન ના સાધનો કરકસરપૂર્વક ઉપયોગ થાય છે? પેઢીઓ, ઉધોગો એ કેટલે અંશે સમાજની જવાબદારી નિભાવી છે? ઉત્પાદન ની કિંમતો વાજબી છે કે કેમ? વગેરે દ્વારા સંચાલન ની સફળતા જાણી શકાય છે.

- **જવાબદારી (ઉત્તરદાયિત્વ) (Accountability):-**

**→જવાબદારી નો અર્થ:-**

જવાબદારી કે ઉત્તરદાયિત્વ એટલે “રાજ્ય કે તેની પ્રતિનિધિ સરકાર તેના વિવિધ વિભાગો દ્વારા જે પ્રવૃત્તિઓ કરવામાં આવી તેના પરિણામો માટે તેઓ પ્રજાને જવાબદાર છે.”

**→જવાબદારીનો ખ્યાલ ની સમજૂતી:-**

“પારણા થી કબર સુધી પોતાની પ્રજાની જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી રાજ્યે સ્વીકારી છે.”તેથી રાજ્યની જવાબદારી (ઉત્તરદાયિત્વ) વધી છે. લોકશાહી મા સરકાર તેના કાર્યો માટે પ્રજાને જવાબદાર છે.

- **પારદર્શિતા (Transparency):-**

→પારદર્શિતા નો અર્થ:-

"વહીવટમાં પારદર્શિતા એટલે શાસન કરતી સરકાર કે સંસ્થા દ્વારા જે કામગીરી કે કાર્યો કરવામાં આવે તેની સ્પષ્ટ માહિતી - સમજૂતી પ્રજાને પૂરી પાડવી જોઈએ."

→પારદર્શિતા નું મહત્વ:-

1. રાજ્યનો વહીવટ વિસ્તૃત અને વ્યાપક થયો છે ત્યારે તેમાં પારદર્શિતા આવે તે જરૂરી છે.
2. જાહેર વહીવટ પારદર્શક હોવો જરૂરી છે.
3. લોકશાહીની સ્વતંત્રતા અને સમાનતાના હકો વાસ્તવિક જીવનમાં ભોગવી શકાય તે કાર્ય જાહેર વહીવટ દ્વારા થાય છે.

→પારદર્શિતા અને ભ્રષ્ટાચાર સાથેનો સંબંધ:-

પારદર્શિતા અને ભ્રષ્ટાચાર એકબીજાની વિરુદ્ધ છે. પારદર્શિતા અને ભ્રષ્ટાચાર બંને એકસાથે ન ચાલે. જ્યાં ભ્રષ્ટાચાર હોય ત્યાં પારદર્શિતા હોતી નથી.